કુટુંબ પેન્શન યોજના - ૧૯૭૨ કુટુંબ
પેન્શન પાત્ર સંતાનોની આવક મર્યાદા
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક.નવત-૨૦૦૧-ડી-૪૯૬-પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૨૩-૧-૨૦૦૬.

વંચાણે લીધાઃ- નાણા વિભાગનો તારીખ.૧૩-૫-૨૦૦૩ નો ઠરાવ ક્રમાંક. નવત-૨૦૦૧-ડી-૪૯૬-પી.

## પ રિ પ ત્રઃ-

આમુખમાં દર્શાવેલ ઠરાવની જોગવાઇઓ મુજબ અવસાન પામેલ સરકારી કર્મચારી અને પેન્શનરનાં માતા-પિતા અને સંતાનોને જો તેઓ રૂા. ૨૫૫૦-૦૦ સુધીની માસિક આવક ધરાવતા હોય તો કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. આવા લાભાર્થીઓએ સક્ષમ અધિકારીનું આવકનું પ્રમાણપત્ર મેળવવાની જોગવાઇ છે. પરંતુ સક્ષમ અધિકારી કોને ગણવા તે બાબતે સ્પષ્ટતા ઠરાવમાં નથી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે કુટુંબ પેન્શનનાં હેતુ માટે લાભાર્થી પુત્ર/પુત્રી કે માતા પિતાની આવકનું પ્રમાણપત્ર આપવા માટે નીચેના અધિકારીઓને સક્ષમ અધિકારી ગણવામાં આવે છે.

(૧) શહેરી વિસ્તાર માટે મામલતદારશ્રી
(૨) તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી અને
(૩) સબંધિત ખાતાનાં વડાને સક્ષમ અધિકારી તરીકે ગણવાનું નક્કી કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

શૈલજા પટેલ
નાયબ સચિવ(પેન્શન)
નાણા વિભાગ.

...૨...

ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર
સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબીજનોને કુટુંબ
પેન્શનની ચુકવણી કરવા બાબત

ગુજરાત સરકાર,

નાણા વિભાગ,

પરિપત્ર ક્રમાંકઃ નવત/૧૧૦૧/ઓ-૧૫૮૦/પી

સચિવાલય, ગાંધીનગર.

તા. ૯/૧૦/૨૦૦૧

સંદર્ભઃ (૧) ના.વિ. નો તા. ૭/૮/૧૯૮૯ નો પરિપત્ર ક્રમાંકઃ નવત/૧૧૮૯/૬૭૦/પ.
(૨) સા.વ.વિ નો. તા. ૮/૧૦/૧૯૯૩ નો ઠરાવ ક્રમાંકઃસીડીઆર/૧૦૮૦/૧૫૯૦/તપાસ એકમ

પ રિ પ ત્ર :-

ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારી ના કુટુંબીજનોને કુટુંબ પેન્શનની ચુકવણી સત્વરે થાય તે માટે ઉપર સંદર્ભમાં દર્શાવેલ તા. ૭/૮/૧૯૮૯ ના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓ રદ કરીને નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારી સામે કોઇ ખાતાકીય તપાસ કે ન્યાયિક કાર્યવાહી ચાલતી હોય તો કર્મચારીના અવસાનના કારણોસર સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૨) માં દર્શાવેલ ઠરાવની જોગવાઇઓ મુજબ ખાતાકીય તપાસ કે ન્યાયિક કાર્યવાહી પડતી મુકવાના હુકમ કરવાના રહે છે. આ હુકમ મુજબ સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબીજનને કુટુંબ પેન્શન મંજૂર કરનાર સક્ષમ અધિકારીશ્રીએ કર્મચારીના મૃત્યુની ચોકસાઇ કરીને નિયમોનુસાર કુટુંબ પેન્શન મંજૂર કરવાનું રહે છે.

આ મુજબ કર્મચારીના આકસ્મિક અવસાનના કિસ્સામાં મંજૂર કરવામાં આવેલ કુટુંબ પેન્શનના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના ફોર્મ નં ૨૨ મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેતું નથી. આથી સ્વર્ગસ્થ કર્મચારી ના કુટુંબીજનને તિજોરી કચેરી માંથી કુટુંબ પેન્શનનું પ્રથમ ચુકવણું કરતાં અને નિવૃત્તિ લાભો ની ચુકવણી કરતી વખતે ફોર્મ નં ૨૨ માં પ્રમાણપત્ર રજુ કરવાનો આગ્રહ ન રાખવા તિજોરી અધિકારીઓને સૂચના આપવામાં આવે છે. સ્વર્ગસ્થ કર્મચારી ના કુટુંબીજનને સત્વરે કુટુંબ પેન્શન અને નિવૃત્તિ લાભો મળે તે માટે જરૂરી તમામ કાર્યવાહી ઝડપથી કરવા માટે પણ સર્વે સંબંધિત અધિકારીશ્રીઓ અને તિજોરી અધિકારીશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. સી. પટેલ
સરકારના ઉપસચિવ,
નાણા વિભાગ,

એસ-૫૧૦-૨

(પાછળ જુઓ)

પ્રતિ,

1. *માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
2. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. માનનીય સર્વે મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
4. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રીઓ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
5. *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
6. *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
7. *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
8. *સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
9. *સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
10. *સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
11. એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ-૧), ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ.
12. એકાઉન્ટન્ટ જનરલશ્રી(એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
13. હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
14. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર.
15. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, (નર્મદા) વડોદરા / ગાંધીનગર.
17. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
18. સર્વે તિજોરી અધિકારીશ્રીઓ, સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
19. સચિવાલયના સર્વે વિભાગો.
20. નાણા વિભાગના તમામ અધિકારીઓ / નાણા વિભાગની તમામ શાખાઓ.
21. સર્વે ખાતાના વડાઓ.
22. સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ.
23. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
24. સર્વે મદદનીશ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય.
25. સર્વે માન્ય મંડળો.

- બી વર્ગ ફાઈલવહી.

પસંદગી ફાઈલ "બી" શાખા.

---

* પત્ર દ્વારા.